



## અરવલ્લી જીલ્લામાં ઈદ-ઉલ-ફિત્રની ઉલ્લાસપૂર્વક ઉજવણી

પવિત્ર રમઝાન માસ પૂર્ણ થતા સમગ્ર દેશમાં ઈદ-ઉલ-ફિત્રની ઉલ્લાસપૂર્વક ઉજવણીમાં મુસ્લિમ બિરાદરોએ એકમેકને ઈદ મુબારકરૂપી શુભેચ્છા પાઠવી હતી. અરવલ્લી જીલ્લામાં શનિવારે ઈદગાહમાં રમઝાન ઈદ નીમીત્તે મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી મોડાસા ટાઉન પોલીસ તંત્ર દ્વારા રમઝાન ઈદમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ઈદગાહમાં મોડાસા શહેર તથા આસપાસના ગ્રામવિસ્તારમાં રહેતા તમામ મુસ્લિમ બિરાદરોએ એકઠા થઈ નમાઝ અદા કરી એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવ્યા હતા. મોડાસા ચાર રસ્તા પર હિન્દૂ સમાજના અગ્રણીઓ અને રાજકીય પક્ષો અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો હરોળબદ્ધ ઉભા રહી ઈદગાહમાં નમાઝ અદા કરી પરત ફરતા અબાલ વૃદ્ધ સૌ કોઈ મુસ્લિમ બિરાદરોને એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવતા ધાર્મિક સૌહાર્દનું વાતાવરણ પેદા થયું હતું. અરવલ્લી જીલ્લામાં મુસ્લિમ બિરાદરોએ ચાંદ કમિટીની જાહેરાત બાદ અને ગત રાત્રીએ ચાંદ દેખાતા જ પવિત્ર રમઝાન માસ પૂર્ણ થયો હતો અને એઈડની ઉજવણી શરુ કરી હતી. જીલ્લાના તમામ ઈદગાહોમાં સવારથી જ અબાલ વૃદ્ધ સૌકોઈ નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ઈદની વિશેષ નમાઝ અદા કરીને એકમેકને ગળે ભેટીને ઈદની મુબારક બાદી પાઠવી એકબીજાના ઘરે જઈ અરસ-પરસ ઈદની શુભકામનાઓ પાઠવી હતી તેમજ સૌકોઈએ ખીર ખુરજા ખવડાવી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ઈદ-ઉલ-ફિત્રની ઉજવણીમાં બાળકોએ બગીચાઓમાં પહોંચી આનંદ ઉઠાવ્યો હતો.

# વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીને સ્વચ્છ, સુંદર, હરીયાળું અને પ્લાસ્ટીક મુક્ત બનાવાશે

અંબાજી, તા. ૧૬

મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ તથા યાત્રાધામ વિકાસ વિભાગના રાજય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેના અધ્યક્ષસ્થાને અંબાજી મુકામે યાત્રાધામના સર્વાંગી વિકાસ અંગે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી. બેઠકમાં મંત્રી શ્રીમતી દવેએ જણાવ્યું કે વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે દેશ વિદેશમાંથી વિશાળ સંખ્યામાં યાત્રિકો દર્શનાર્થે આવે છે ત્યારે અંબાજીને સ્વચ્છ, સુંદર રાખીને આ પવિત્ર તીર્થસ્થાનની ગરીમા જાળવીએ તથા અહીંની સ્વચ્છતાનો પ્રેરણાદાયી સંદેશો દેશભરમાં પહોંચાડીએ. તેમણે કહ્યું કે મા અંબાના ધામમાં યાત્રિકોને દર્શનથી લઇ રહેવા સુધી કોઇ તકલીફ ન પડે તે માટે અધિકારીઓ સાથે લંબાણપૂર્વક ચર્ચા કરી આયોજન કરવામાં આવ્યું છે. દૂર દૂરથી આવતા યાત્રિકો અંબાજી નજીકના સ્થળો પણ જોઇ શકે તે માટે અંબાજી મંદિરથી ગબ્બર સુધી સરક્યુલર રૂટ બનાવવામાં આવશે. તેમણે કહ્યું અંબાજી મંદિર સહિત અંબાજી ગામ, રસ્તાઓ, આજુબાજુના વિસ્તારમાં સ્વચ્છતા જળવાય, ટ્રાફિકની સમસ્યાની નિવારણ માટે બાયપાસ રોડ, પાર્કિંગ, ગટર વગેરે કામોની ચર્ચા કરવામાં આવી છે.



## ડીસામાં રમઝાન ઈદની હર્ષોલ્લાસભેર ઈદની ઉજવણી કરાઈ

ડીસામાં ઈદગાહ ખાતે રમજાન ઈદની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેનો હજ્જારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો હાજર રહી ઈદની ઉજવણી કરી હતી. આ પ્રસંગે હઝરત સૈયદ મહંમદઅલીબાવાએ જણાવ્યુ કે ઈદનો તહેવાર ખુશીનો તહેવાર છે. જેથી યતીનો, ગરીબ, ગુરબાઓને રાજી કરી ઈદની ખુશી વ્યક્ત કરવા જણાવ્યુ હતુ. હઝરત મંહમદ પયંગબરે બનાવેલા ગુણો જીવનમાં ઉતારી એક મને નેક બની રમઝાન ઈદની ઉજવણી કરવા જણાવ્યુ હતુ. હઝરત સૈયદ મહંમદઅલીબાવાની ઈમામત હેઠળ હજ્જારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ નમાઝ પઢી એક બીજાને ગળે મળી રમઝાન ઈદની ઉજવણી કરી હતી. આ પ્રસંગે સૈયદ હસનઅલી બાવા દ્વારા દેશમાં મનન ભાઈચારો જળવાઈ રહે તે માટે વિશેષ દુઆ કરવામાં આવી હતી. રીસાલા મસ્જીદ ખાતે મૌલાના મહંન્નાન મુનાવાળાએ ઈદની નમાઝ પઢાવી હતી. જ્યારે ટાટવાળી મસ્જીદ ખાતે ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી. ડીસામાં ત્રણેય સ્થળે રમઝાન ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી.

# થરાદ તાલુકાના નારોલી અને કરબુણ મુકામે શાળા પ્રવેશોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના નારોલી ઉત્તર બુનિયાદી વિધાલય અને કરબુણ સરકારી હાઇસ્કુલમાં સિંચાઇ અને પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઇ પટેલના અધ્યક્ષસ્થાને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ પ્રવેશોત્સવ પ્રસંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાનાં નાનાં બાળકોને હરખથી શાળામાં પ્રવેશ અપાવવા આવે છે.

આ પ્રસંગે મંત્રી પરબતભાઇ પટેલે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આપણા બંધારણમાં દરેક બાળકને મફત અને ફરજીયાત શિક્ષણ મળે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ ભૂતકાળની સરકારોની ઉદાસીનતાના લીધે ગામડાઓ સુધી શિક્ષણ પહોંચ્યું નહોતું. તેમણે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી, મંત્રીઓ અને વરિષ્ઠ સનદી અધિકારીઓ શાળાઓમાં જઇ બાળકોને શાળામાં પ્રવેશ અપાવે છે. આ વિરાટ અભિયાનના લીધે ડ્રોપ આઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. મંત્રીએ કહ્યું કે કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રનો વિકાસ શિક્ષણ વિના શક્ય જ નથી. ૨૧મી સદીના વિકાસના આ યુગમાં શિક્ષણ વિના ચાલે તેમ જ નથી તે બાબત સૌએ સારી રીતે સમજી લેવાની જરૂર છે. આથી દરેક વાલીઓએ પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવવા અનિવાર્ય રીતે જરૂરી છે.



યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીએ બાળકોને કુમકુમ તિલક કરી, મોં મીઠુ કરાવી, આંગણવાડીના નાના ભૂલકાંને વ્હાલપૂર્વક તેડી, હેત વરસાવીને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. મંત્રીએ બાળકોને શાળામાં પ્રવેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શાળા

## અરવલ્લી બાયડના મંદબુદ્ધિ આશ્રમમાં ગુજરાતી કલાકાર કમલેશ મહેરાએ ઉજવ્યો જન્મદિવસ

અરવલ્લી જીલ્લાના બાયડમાં આવેલ જય અંબે મહિલા મંદબુદ્ધિ આશ્રમમાં માનસિક રીતે અસ્વસ્થ અને મંદબુદ્ધિ અને તરછોડી દેવાયેલા અબાલ વૃદ્ધ સૌ કોઈની દેખરેખ અને સારવાર પણ આપવામાં આવે છે. જય અંબે મંદબુદ્ધિ આશ્રમની સેવાની સુગંધ ધીરે ધીરે જીલ્લા સહીત આજુબાજુના વિસ્તારમાં પ્રસરતા આશ્રિતો માટે દાનનો પ્રવાહ અને આશ્રમની મુલાકાત દાનવીરો સહીત યુવાનો મુલાકાત લઈ યથા શક્તિ મદદરૂપ બની રહ્યા છે. ત્યારે આ આશ્રમ ખાતે વધુ એક યુવા ગુજરાતી કલાકાર અને અરવલ્લી જીલ્લાના ઉભરાણ પાસે આવેલા સખવાણીયા ગામના કમલેશ મહેરાએ તેમના જન્મદિનની ઉજવણી જય અંબે મંદબુદ્ધિ સેવા આશ્રમ ખાતે મંદબુદ્ધિ ધરાવતા બાળકો, મહિલાઓ અને વૃધ્ધો સાથે કરી ધન્યતા અનુભવી હતી અને આશ્રમના આશ્રિતો સાથે સમય વ્યતીત કરી અન્ય યુવાનોને સેવા કરવાનો માર્ગ ચીંધ્યો હતો.

# ડીસાવળ પ્રજાપતિ સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટે વર્ગો

ડીસા, તા. ૧૬

શ્રી ડીસાવળ પ્રજાપતિ સમાજ મંડળ, ડીસા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષા માટેના કોચીંગ ક્લાસનું આયોજન વિનર્સ એકેડેમી જલારામ



મંદિર ડીસા ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં સમાજના અગ્રણીઓ તથા ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૪૦ જેટલી વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

આ કોચિંગ ક્લાસ માટે અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરાએ આર્થિક સહયોગ આપેલ છે. આ સિવાય સમાજના દાતાઓએ પણ આર્થિક સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે મંડળના પ્રમુખ કુરશીભાઈ બલોધરા, અમૃતભાઈ કેલોયા, ઈશ્વરભાઈ ઓઝા(વકીલ), ડાહ્યાભાઈ તથા મંડળના હોદ્દેદારો અને શિક્ષણ સમિતિના સભ્યો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

આ કોચિંગ ક્લાસ ચાલુ કરવા માટે શિક્ષણ સમિતિના કન્વિનર રમેશભાઈ અનાવાડિયા, પરેશભાઈ દિયોદરા, મહેશભાઈ પ્રજાપતિ, સંયોજક શેખરભાઈ કંબોયાએ તથા શિક્ષણ સમિતિના સભ્યોએ ખૂબજ જહેમત ઉઠાવી હતી. વર્ગનું વિધિવત ઉદ્‌ઘાટન કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કનુભાઈએ કર્યુ હતુ. આભારવિધિ મંડળના મંત્રી શ્રવણભાઈ અનાવાડિયાએ કરી હતી.

## પ્રાંતિજ પાસેથી હિંમતનગર એલસીબીએ વિદેશી દારૂ ભરેલ કાર પકડી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસે રાત્રીનાં સમયે નેશનલ હાઈવે આઠ ઉપરથી પ્રસાર થતી વિદેશી દારૂ ભરેલ કાર હિંમતનગર એલસીબી પોલીસે પકડી કાર ચાલક સહિત અન્ય ત્રણ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી. પ્રાંતિજ પોલિસ સ્ટેશનની હદમાંથી નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સાદોલીયા પાસે ૧૫-૬-૧૮ને રાત્રીના સમયે રાજસ્થાન તરફથી આવતી સીફટ કાર નંબર-જીજે. ૦૧. કેએસ.૦૨૭૦માં વગર પાસ પરમીટે વિદેશી દારૂ કાચની બોટલ ૧૬૩ નંગ જેની કિંમત ૮૧,૫૦૦, કારની કિંમત ૩,૦૦,૦૦૦ મળી કુલ ૩,૮૧,૫૦૦નો મુદ્દામાલ હિંમતનગર એલસીબી પોલીસે બાતમીના આધારે પકડી પાડ્યો હતો. કારચાલક મેહુલકુમાર નંદકિશોર ત્રિવેદી રહે. અમરાઈવાડી, અમદાવાદ તથા કારમાં સવાર અન્ય એક વ્યક્તિ ભાગી જનાર રાજ વાધડી રહે. અમદાવાદ તથા દારૂ મંગાવનાર અરવિંદભાઈ ગૌસ્વામી રહે. અમદાવાદ તથા દારૂ ભરી આપનાર ભાવેશભાઈ રહે. ઉદેપુર સહિત પોલીસે ચાર વિરૂધ્ધ ગુનો નોધી કારચાલકની અટકાયત કરી છે.




અરવલ્લી જીલ્લાના મોડાસા ચાર રસ્તા ખાતે મોડાસા નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ સુભાષભાઈ શાહ અને ઉપપ્રમુખ જયોત્સનાબેન કડીયાએ રમજાન ઈદ નિમિતે મુસ્લિમ બિરાદરોને શૂભેચછા પાઠવી હતી.

# પ્રાંતિજના પીલુદામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પીલુદા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં સાંપડના ૨૧ બાળકોએ પીલુદાના ૬૩, રામદેવપુરા શાળાના ૧૫ તથા રામદેવ પુરા હાઈસ્કુલમાં ૨૭ બાળકોએ શાળામાં શાળા પ્રવેશોત્સવ મેળવ્યો હતો જ્યારે આ પ્રસંગે જીલ્લા રજીસ્ટ્રાર મંડળના એચ. બી. ચૌહાણ, પ્રાથમિક તાલુકા શિક્ષણાઅધિકારી ટી.કે. વાધેલાની ઉપસ્થિતિમાં બાળકોને કુમકુમ તિલક સાથે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને સ્કુલ બેગ આપી ટ્રાન્સપોર્ટની ગાડીને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે કન્યાઓને સાઈકલ વિતરણ કરવામાં આવ્યું હતું. આવેલ અધિકારીઓ દ્વારા શાળા સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.



## પ્રાંતિજમાં અન્નદાન કરી ઈદની ઉજવણી કરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની ઉલ્લાસભરે ઉજવણી કરવામાં આવી હતી અને ધંધારોજગાર બંધ પાડી એક બીજાને ભેટીને ઈદ મુબારક પાઠવવામાં આવ્યા હતાં.છેલ્લા એક મહિનાથી મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ખુદાની બંદગી કરી વહેલી સવારથી લઈને મોડી સાંજ સુધી અન્ન પ્રાણીનો ત્યાગ કરી સમગ્ર માસ દરમ્યાન મુસ્લિમ ભાઈ-બહેનો ઈબાદતામાં વ્યસ્ત રહે છે. રોઝા રાખવાની સાથે જ કુરાન પઠન કરે અને રાત્રીના સમયે અદા કરાતી તરાવી હની. ખાસ નમાઝનું આ માસ દરમ્યાન ખુબ મહત્વ હોય છે. જયારે ઈદની નમાઝ સાથે જ ઉજવણીનો પ્રારંભ થાય છે અને એકબીજાને ભેટીને ઈદ મુબારક પાઠવવામાં આવે છે અને એક બીજાના ઘરે જાય છે તો કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પણ મુસ્લિમ વિસ્તારમાં જઈને ડોર ટું ડોર મુસ્લિમ બિરાદરોને ગળે મળી હાથ મિલાવીને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં શાળામાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો સામુહિક કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત ૪૦૨ વિદ્યાર્થી નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તીલક કરી ગોળ ધાણા ખવડાવી મોં મીઠું કરાવી પ્રવેશ અપાવ્યો હતો. નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું હતું. ભિલોડા જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, આર. એન્ડ બી. ચીફ એન્જીનીયર નારાયણભાઈ પટેલ, વી.ટી.ચૌહાણ, ડીમ્પલબેન ગુર્જર, જયદેવભાઈ બારોટ, જગદીશભાઈ ડાભી, મુકેશભાઈ સી.ત્રિવેદી, શાંમળભાઈ પટેલ, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ, આગેવાનો ઉપસ્થિત હતા.

# ડીસા તાલુકાની વડાવળ શાળામાં ધારાસભ્યના હસ્તે બાળકોને શાળા પ્રવેશ અપાયો

ડીસા, તા. ૧૬

ધોરણ-૧માં પ્રવેશ મેળવતુ બાળક ઉત્સાહથી શાળામાં ભણવા આવે અને શાળામાં માધ્યમિક શાળામાં ગતરોજ શાળા પ્રવેશ કાર્યક્રમનું આયોજન કરાયુ હતું. આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ બાળકોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રમકડાનું વિતરણ કરી મ્હોં મીઠું કરાવાયું હતું. બાદમાં પ્રાથમિક શાળામાં ધો. ૧માં દાખલ



બાળકોનો ડ્રોપઆઉટ રેશીયો ઘટે તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ખુલતી શાળાના સમયે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ૧૪ અને ૧૫મી જુનના રોજ બે દિવસના શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ડીસા તાલુકાના વડાવલ ગામની સરકારી અધ્યક્ષ સ્થાન શોભાવી બાળકોને શાળા પ્રવેશ અપાવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરાયુ હતુ. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. વડાવળ ગામની ચાર પ્રાથમિક શાળાઓ સહિત સરકારી માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત સૌ પ્રથમ આંગણવાડીના થયેલ નવીન બાળકોને બગલથેલા સહિતની કીટ આપી આવકારમાં આવ્યા હતા તથા સરકારી માધ્યમિક શાળામાં ધો. ૯માં પ્રવેશ કરતા વિદ્યાર્થીઓને પણ આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે બાળકીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ, શિષ્યવૃત્તિ તેમજ પાઠ્યપુસ્તકો વગેરેની જાહેરાત તથા વયોવૃદ્ધ વ્યક્તિ અને દાતાઓનું સન્માન કરાયું હતું.